Re-Accredited by NAAC with 'A' Grade
**VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY**
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
**વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી**
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# પરીપત્ર

## FACT ગેરરિતી અંગેનાં કેસો મોકલવા માટેની સુચનાંઓ

વાંચણે લીધું :– (૧) સિન્ડિકેટની તા.૩૦/૦૬/૨૦૨૧ની ઠરાવ ક્રમાંક : ૨૫ નાં અનુસંધાનમાં.
સંદર્ભ :– (૨) તા.૨૨/૧૨/૨૦૨૦ નાં પરીપત્ર ક્રમાંક : પરીક્ષા / કોમ્પ્યુટર પુલ / ૧૭૧૯૩/ ૨૦૨૦.
(૩) તા. ૦૨/૦૧/૨૦૨૧ નાં પરીપત્ર ક્રમાંક : પરીક્ષા/આચાર/FACT/ ૧૨ /૨૦૨૧.
(૪) તા. ૦૩/૦૪/૨૦૨૧ નાં પરીપત્ર ક્રમાંક : પરીક્ષા/આચાર/FACT/ ૬૬૫૧ /૨૦૨૧.

આથી યુનિવર્સિટી સંલગ્ન કોલેજોનાં આચાર્યશ્રીઓ, યુનિવર્સિટીનાં વિવિધ વિભાગોનાં વડાશ્રીઓ તથા સ્વનિર્ભર અભ્યાસક્રમોનાં કો–ઓર્ડીનેટરશ્રીઓને તથા વિદ્યાર્થીઓને જણાવવાનું કે, યુનિવર્સિટી તરફથી લેવાનારી પરીક્ષાઓ દરમ્યાન ગેરરિતી કરતાં પકડાયેલ વિદ્યાર્થીઓની માહિતી યુનિવર્સિટી દ્વારા નિયત કરવામાં પત્રકોમાં તૈયાર કરી મોકલવા, તેમજ ગેરરિતીના કિસ્સાઓમાં વિદ્યાર્થી દ્વારા હાથ પર / ટેબલ–બેન્ચ/ દિવાલ પર/ ઇલેક્ટ્રોનીક ગેઝેટ / પહેરેલાં કપડા પર જે તે વિષયને લગતું લખાણ હોય તો તે લખાણ વિદ્યાર્થી પાસે અલગ કાગળ પર લખાવી વિદ્યાર્થીની તેમજ સુપ્રિ. ઓફ એકઝામની સહી કરાવી પુરાવા (એવીડન્સ) તરીકે સંબંધકર્તા કેસ–પેપર્સ સાથે જ અચુક મોકલવા આવશ્યક/ જરૂરી છે. હજુ પણ અમુક કોલેજોમાંથી ગેરરિતીના કિસ્સાઓમાં પુરતા પુરાવા મોકલવામાં આવતા નથી. તેમજ બ્લોક સુપરવાઈઝરના નિવેદનમાં વિશેષ નોંધમાં કેવી રીતે ગેરરિતી આચરતાં પકડાયા તે પણ લખવામાં આવતું નથી. વિદ્યાર્થીના નિવેદનમાં વિદ્યાર્થી પાસેથી પુરૂનામ/સરનામું (વાંચી શકાય) તે રીતે લખવામાં આવતું નથી. વિદ્યાર્થી નિવેદનમાં અધુરૂ નામ / સરનામું / મોબાઇલ નંબર / ઇ–મેઇલ આઇ.ડી લખતા હોય છે. જેથી યુનિવર્સિટી કાર્યાલય (પરીક્ષા વિભાગ) તથા પરીક્ષા આચાર/FACT કમિટી માટે આગળની પેપર્સ – પ્રોસેસની કામગિરીમાં તેમજ પત્ર વ્યવહારમાં વિલંબ થાય છે. તેથી ગેરરિતી આચરતાં પકડાયેલા વિદ્યાર્થીઓની માહિતી પુરેપુરી વિગતો સહિત નિયત પત્રકમાં સુપ્રિ. ઓફ એકઝામશ્રીના સહી/સિકકા સાથે યુનિવર્સિટીને મોકલવા વિનંતી છે. વિદ્યાર્થીનું અટક સહીત સાચુંનામ / સરનામું / મોબાઈલ નંબર / ઇ–મેઇલ આઇ.ડી સહીત વાંચી શકાય તે રીતે લખવા વિદ્યાર્થીને જણાવવું પાછળથી નામ/સરનામું કે અન્ય કોઈ સુધારો કરવામાં આવશે નહી, જે વિદ્યાર્થી નિવેદન આપ્યા વગર ભાગી જાય, તેવા કિસ્સાઓમાં પણ વિદ્યાર્થીનું સરનામું, મોબાઈલ નંબર અવશ્ય જણાવવાનાં રહેશે. વિદ્યાર્થી પોતાના નિવેદનમાં કાપલી/ઝેરોક્ષ કાપલી કે અન્ય સાહિત્ય લાવ્યા હોય તો તે હા/ના પણ જણાવતા નથી, તેમ જ ઉતારો કરેલ છે. તે પણ હા/ના જણાવતા નથી.

વધુમાં, ભવિષ્યમાં જો કોઈ કાનુની કિસ્સાઓ બને તો ન્યાયાલયમાં આધાર પુરાવા રજુ કરવાના રહેતા હોય છે. તેથી ગેરરિતી આચરતાં પકડાયેલા વિદ્યાર્થીઓની માહિતી પુરેપુરી વિગતો સહીત નિયતપત્રકમાં યુનિવર્સિટીને મોકલવા ખાસ વિનંતી છે.

(નોંધ : — બ્લોક સુપરવાઈઝર / સુપ્રિ. ઓફ ઓક્ઝામ સેન્ટરશ્રીના પત્રકમાં નોંધ ક્રમાંક : ૦૨ માં જણાવ્યા મુજબ વિદ્યાર્થીએ ઉત્તરવહીમાં ઉતારો કર્યો હોય તો તે જગ્યાએ લાલ બોલપેનથી અચુક અંડર લાઈન કરવી.)

વધુમાં, જે વર્ગખંડોમાં પરીક્ષા લેવામાં આવતી હોય તેના તમામે તમામ બ્લોક આવરી લેવાય તે રીતે સી.સી.ટી.વી. કેમેરા સેટ કરવા, સી.સી.ટી.વી. કેમેરાનો સમય (રીયલ ટાઈમ) મુજબ બરાબર સેટ કરવો અને તે મુજબ તમામ પરીક્ષાના તમામ બ્લોકની તમામ સી.સી.ટી.વી. ફુટેજ ફરજીયાત પણે જાળવી રાખવી તથા યુનિવર્સિટી મંગાવે તેવા કિસ્સાઓમાં યુનિવર્સિટીમાં મોકલવાની રહેશે.

યુનિવર્સિટી જયારે સી.સી.ટી.વી. ફુટેજ મંગાવે ત્યારે ડી.વી.ડી. બનાવી મોકલવી, ડી.વી.ડી. માંની પ્રત્યેક ફાઈલને તેના બ્લોક નંબરના નામથી સેવ કરવી, તથા ડી.વી.ડી. પર પરમેનન્ટ માર્કરથી કોલેજનું નામ તથા તારીખ દર્શાવવી.

જે વિદ્યાર્થી ગેરરીતી કરતાં કેસ તૈયાર હોય તેવા કેસનાં કવર પર આપની કોલેજનું નામ અને ''ગેરરીતી બાબતનાં કેસ / EXPELLED CASE'' લખવાનું રહેશે. જેની દરેક કોલેજોએ નોંધ લેવી.

ઉપરોક્ત તમામ બાબતો પરીક્ષાની કામગીરી સાથે સંકળાયેલ શૈક્ષણિક તથા બિન–શૈક્ષણિક કર્મચારીઓને અચુક ધ્યાન પર લાવવી.

ઈ.ચા.કુલસચિવ

ક્રમાંક : પરીક્ષા/આચાર/FACT/ ૧૧૬૬૪/૨૦૨૧
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,
સુરત. તા. ૦૭–૦૭–૨૦૨૧

નકલ સવિનય રવાના

**પ્રતિ,**

(૧) યુનિવર્સિટી સાથે સંલગ્ન તમામ કોલેજો / અનુસ્નાતક વિભાગોના આચાર્યશ્રીઓ/વડાશ્રીઓ, અને વિદ્યાર્થીઓ તરફ જાણ તથા ઘટતી કાર્યવાહી કરવા સારૂ...
(૨) ઈ.ચા. કુલસચિવ, વી.ન.દ.ગુ.યુનિવર્સિટી, સુરત તરફ જાણ સારૂ...
(૩) ઈ.ચા.નાયબ કુલસચિવ, સિન્ડિકેટ વિભાગ, વી.ન.દ.ગુ.યુનિવર્સિટી, સુરત તરફ જાણ સારૂ...
(૪) સીસ્ટમ મેનેજર, વી.ન.દ.ગુ.યુનિવર્સિટી, સુરત તરફ જાણ તથા ઘટતી કાર્યવાહી કરવા સારૂ...